પરિપત્ર-૭

ક્રમાંક/૩૭૬/જી-૫/પરચુ/૧૦૭૪૬
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર તા: ૨૪/૧૦/૧૯૮૦.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સર્વે,
ગુજરાત રાજ્ય.

વિષય:- બિન સરકારી માધ્યમિક શાળાઓમાં કામ કરતાં શિક્ષકો પાસેથી શાળા છોડયાંના પ્રમાણપત્રો કાઢી આપવા. પરીક્ષાના આવેદનપત્રો ભરવા વગેરે કામગીરી લેવામાં આવે છે તે સંબંધમાં.........

જય ભારત સહ ઉપરોક્ત વિષય સંબંધમાં જણાવવાનું કે બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકો પાસેથી શાળા છોડયાના પ્રમાણપત્રો કાઢી અપવા - પરીક્ષાના આવેદનપત્રો ભરવા વગેરે કામગીરી કેટલીક સંસ્થાઓ કરાવે છે. આ સંબંધમાં બોર્ડ સમક્ષ કેટલીક રજૂઆતો આવી હતી. આ સંબંધમાં બોર્ડની તા: ૨૬-૯-૧૯૮૦ ની કારોબારી સમિતિની બેઠકના ઠરાવ નં ૮ થી નીચે પ્રમાણે ઠરાવેલ છે.

ઠરાવ નં. ૮

ઠરાવવામાં આવ્યું કે શાળા દફતર તૈયાર કરવું અને જાળવવું તે કામ શાળાના કાર્યાલયનું છે જનરલ રજીસ્ટર અને શાળા છોડયાના પ્રમાણપત્રો એ શાળાના કલાર્કે તૈયાર કરવા જોઈએ અને આચાર્યે ચકાસી લેવા જોઈએ. જાહેર પરીક્ષાના આવેદનપત્રો આચાર્ય શાળાના શિક્ષકની મદદથી ભરે તે જરૂરી છે. આમ છતાં શાળાએ પોતાની પ્રણાલિકા પ્રમાણે અને અનુકુળતા પ્રમાણે શાળાના સહકારથી આ બધી કામગીરી થાય તેવી ગોઠવણ કરવી જોઈએ "

૨/- સબબ ઉપરોક્ત બાબતની જાણ આપના જિલ્લામાં આવેલી તમામ બિન સરકારી માધ્યમિક શાળાઓના વડાઓને કરવા વિનંતી છે.

૩/- આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ વળતી ટપાલે અત્રે મોકલી આપવા વિનંતી છે.

સહિ: સચિવ
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ક્રમાંક/માધ્ય/બ-૧/પરચ/૧૩૮૫૬,
રાજકોટ તારીખ ૧૭/૧૧/૮૦.

નકલ જાણ તથા અમલાર્થે:- તમામ માધ્યમિક શાળાઓ તરફ.....
૨/- તમામ સંઘો તથા નિરીક્ષકો અને ગ્રાન્ટ કાર્ય કરતા કર્મચારીઓ તરફ.............

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ